

# આસપાસ ચોપાસ



# સાદકપોર

## લગ્ન સમારંભ માટે પાર્ટી પ્લોટ અને રિસોર્ટની સુવિધા

સાદકપોર ગામમાં લગ્ન જેવા મોટા સમારોહ માટે એક વિશાળ પાર્ટી પ્લોટ, તો એક મોટું રિસોર્ટ પણ છે. ગામમાંથી પસાર થતા ચીખલી-ખેરગામ રાજ્ય ધોરી માર્ગ ઉપર કેડી ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ છે. આંબાવાડીની વચ્ચે વિશાળ લીલોછમ પાર્ટી પ્લોટ ગામની શોભામાં અભિવૃદ્ધિ સાથે સામાન્ય માણસને લગ્ન જેવા સામાજિક પ્રસંગોમાં પરવડે એવો છે. અહીં જરૂરી રૂમો અને આંબાવાડી અને ચારેતરફ લીલાંછમ વૃક્ષોથી પાર્ટીપ્લોટ શોભી રહ્યો છે. ઉપરાંત ગામમાંથી પસાર થતા ચીખલી-ફડવેલ મુખ્ય જિલ્લા માર્ગ ઉપર ઘડુલી ખાડી પાસે હજારો ચોરસ ફૂટમાં તમામ અત્યાધુનિક સુવિધા સાથેનું ક્રિષ્ણા રિસોર્ટ ચાલુ સિઝનથી જ ચાલુ થયું છે. આ ક્રિષ્ણા રિસોર્ટ ગ્રામ વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર બનવા ઉપરાંત ચાલીસ જેટલા લોકોને ઘરઆંગણે રોજગારી મળવા સાથે અન્ય આડકતરી રીતે પણ ધંધા-રોજગાર ઉપલબ્ધ થયા છે.

## ખેતી અને પશુપાલન મુખ્ય વ્યવસાય



સાદકપોર ગામ કાવેરી નદીના કાંઠે હોવા સાથે ગામમાંથી ઈંગારી ખાડી અને ઘડુલી ખાડી પણ પસાર થાય છે. ઉપરાંત નહેરની પણ વ્યવસ્થા છે. નદી અને સ્થાનિક ખાડીઓમાં નાના-મોટા ચેકડેમો, નહેર તથા ખાનગી કૂવા, બોરવેલોના માધ્યમથી સિંચાઈની પૂરતી વ્યવસ્થાને પગલે ગામમાં ચારેતરફ હરિયાળી જોવા મળી રહી છે. ગામમાં મોટાપાયે આંબાવાડી છે અને હાલે આંબા કલમનાં ઝાડો મોર (ફૂટ)થી લચી ઊઠ્યા છે. ગામમાં ખેડૂતો મુખ્યત્વે કેરી, શેરડી, સૂરણ, કંદ, હળદળ ઉપરાંત ચીકુ તથા શાકભાજીનું ઉત્પાદન કરી આવક મેળવી રહ્યા છે. સાદકપોર ગામના ખેડૂતોને તાલુકા મથક ચીખલી નજીક હોય ખેતી પેદાશોના વેચાણ માટે સરળતા રહેતી હોય છે. સાદકપોર ગામમાં ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ મોટાપાયે વિકસિત થયો છે. ગામમાં ગાય, ભેંસ જેવાં દૂધાળાં પશુઓની સંખ્યા વિશેષ છે. દૂધના ઉત્પાદન થકી ઘરઆંગણે આવક મેળવવા સાથે પશુઓના ગોબરનો ખેતી પાકોમાં ઓર્ગેનિક ખાતર તરીકે પણ ઉપયોગ કરી રહ્યા છે. ગામમાં પશુપાલનનો વ્યવસાય ફૂલ્યોફાલ્યો હોવાથી ગામમાં વસુધારા ડેરી સંચાલિત સાત જેટલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે. ગામના ગોલવાડ, બામણિયા, ગામતળ, ખાખરી ફળિયા, ઘડુલી, કારિયા ફળિયા સહિતના વિસ્તારમાં દૂધડેરીઓ આવેલી છે. ખાખરી ફળિયામાં સૌથી મોટી દૂધ ઉત્પાદક સહકારી મંડળી છે. આ એક ડેરીમાં જ એક દિવસમાં 2300 લીટર જેટલી દૂધની આવક થાય છે અને સમગ્ર ગામમાંથી માસિક 1,67,250 લીટર દૂધ વસુધારા ડેરીમાં જતું હોય છે. આમ, ગામમાં પશુપાલનનો વ્યવસાય પણ લોકોની રોજગારી માટેના મોટો સ્ત્રોત જોવા મળી રહ્યો છે. ગામમાં ફક્ત વસુધારા ડેરીમાં જતા દૂધની માસિક આવક 72,94,911 રૂપિયા છે. સાદકપોર ગામમાં ખેડૂતો અને પશુપાલકોની સંખ્યા વિશેષ છે. ત્યારે ગામના ખેડૂતો માટે સાદકપોર સેવા સહકારી મંડળી પણ કાર્યરત છે. આ સહકારી મંડળીની સ્થાપના ફેબ્રુઆરી-1945માં કરવામાં આવી હતી. આ સહકારી મંડળીમાં 684 જેટલા સભાસદો ગામની આ સહકારી સંસ્થામાં પંડિત દીનદયાળ સસ્તા અનાજની દુકાન ઉપરાંત ગામના ખેડૂતોને ઘરઆંગણે રાસાયણિક ખાતર મળી રહે છે અને સિઝન મુજબ ભરવા માટેનું અનાજ પણ વ્યાજબી ભાવે ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. તાલુકા-જિલ્લાના સહકારી આગેવાન એવા ગામના કિશોરભાઈ હરિભાઈ પટેલ ચેરમેન પદે આ સહકારી સંસ્થાનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યા છે. આ સહકારી મંડળી વાર્ષિક 93.65 લાખ રૂપિયા જેટલું ટર્ન ઓવર ધરાવે છે. આ સહકારી સંસ્થાના સુચારુ વહીવટથી ગામ લોકોનો મોટો લાભ મળી રહ્યો છે.

## મેહુલભાઈ પટેલ ઉમદા સમાજસેવી

સાદકપોર ગામના પાટીદાર સમાજના અગ્રણી મેહુલભાઈ ગિરિશભાઈ પટેલ ગણદેવી સુગરના ડિરેક્ટર પદે છે. ગામમાં પાટીદાર સમાજની પણ વિશેષ વસતી છે અને ચાલીસ જેટલા પરિવારો વિદેશમાં વસવાટ કરે છે. શેરડી પકવતા ખેડૂતો માટેની મોટી સહકારી સંસ્થા એવી ગણદેવી સુગરમાં વર્ષોથી સાદકપોર ગામના પાટીદાર સમાજના આગેવાનો પ્રતિનિધિત્વ કરતા આવ્યા છે. ગામના પાટીદાર અગ્રણી સ્વ. અરવિંદભાઈ ભીખુભાઈ પટેલ ઘણાં વર્ષ ગણદેવી સુગરમાં વાઈસ ચેરમેન થઇ રહ્યા હતા.



આ ઉપરાંત પાટીદાર સમાજના જયંતીભાઈ અશોકચંદ્ર પટેલ, સંજયભાઈ રમણભાઈ પટેલ ઉપરાંત જયંતીભાઈ કાળીદાસ પટેલ પણ ગણદેવી સુગરમાં ડિરેક્ટર પદે રહ્યા છે. હાલ પાટીદાર સમાજના અગ્રણી મેહુલભાઈ પટેલ ગણદેવી સુગરમાં ડિરેક્ટર પદે પ્રતિનિધિત્વ કરી ખેડૂતોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા સાથે ખેડૂતોના પ્રશ્ને તેઓ હંમેશાં ખેડૂતોની પડખે ઊભી રહેતા આવ્યા છે અને તેમણે અનોખી લોકપ્રિયતા પણ મેળવી છે.

## રમેશભાઈ અને ભરતભાઈ સફળ ખેડૂત સાથે પશુપાલન ક્ષેત્રે અગ્રેસર



સાદકપોર ગામના મોટી કોળીવાડના મંદિર ફળિયાના રમેશભાઈ મંગાભાઈ પટેલ અને ભરતભાઈ બાબુભાઈ પટેલનો પરિવાર ખેતી અને પશુપાલન ક્ષેત્રે અગ્રેસર છે. આ પરિવારનો નેવું જેટલાં ગાય-ભેંસ જેવાં દૂધાળાં પશુઓનો તબેલો છે અને ગામની ખાખરી ફળિયા દૂધ ડેરીમાં એમના પરિવારનું દૈનિક 160 લીટરની આસપાસ દૂધ જાય છે અને તેઓ દૂધમાંથી અંદાજે વાર્ષિક 22થી 23 લાખ રૂપિયાની આવક મેળવે છે. આ પરિવાર અથાક પરિશ્રમ વચ્ચે શેરડીનું પણ 1500 ટન કરતા વધુનું ઉત્પાદન કરી લાખો રૂપિયાની આવક પ્રાપ્ત કરે છે. ખેડૂતો માટે એક મિશાલ સમાન આ પરિવારે ખેતીને જ પ્રાધાન્ય આપી ખેતી પશુપાલનનો વ્યવસાય તરીકે વિકાસ કર્યો છે. આ ઉપરાંત ગામનાં સુનિતાબેન શૈલેષભાઈ પટેલના ઘરથી પણ દૈનિક 120 લીટર જેટલું દૂધ ગામની ખાખરી ફળિયા દૂધડેરીમાં જઇ રહ્યું છે.

## શૈલેષભાઈ પટેલની રાજકીય સફર

સાદકપોર ગામના શૈલેષભાઈ પટેલ બે ટર્મથી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે જિલ્લા કોંગ્રેસનું સુકાન સંભાળી રહ્યા છે. સાદકપોરના હનુમાન ફળિયાના શૈલેષભાઈ નગીનભાઈ પટેલ કોલેજ સમયથી જ નેતૃત્વમાં આગળ રહ્યા હતા. તેઓ 1996-97ના વર્ષમાં બીલીમોરાની વી.એસ. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં જનરલ સેક્રેટરી તરીકે ચુંટાયા હતા. બાદ 2006ના વર્ષમાં તેઓએ ગામના ડેપ્યુટી સરપંચ તરીકે સેવા બજાવી હતી.



યુવા અવસ્થાથી જ નેતૃત્વની ક્ષમતા ધરાવતા શૈલેષભાઈની સમય જતા પ્રતિભા વધુ ને વધુ ખીલતાં તેઓના સક્રિય રાજકારણમાં પ્રવેશની સાથે તેમની તાલુકા કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ, તાલુકા કોંગ્રેસના પ્રમુખ પદ સુધી સેવા બજાવી છે.

જૂન-2025થી જિલ્લા કોંગ્રેસનું પ્રમુખ પદનું સુકાન તેઓ સંભાળી રહ્યા છે. જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પદે શૈલેષભાઈ પટેલ જિલ્લાભરમાં કોંગ્રેસના કાર્યકરોમાં નવો સંચાર કરી પ્રદેશ કોંગ્રેસમાંથી આવતાં સંગઠન અને વિરોધ પ્રદર્શનો, કાર્યક્રમોને જમીન પર ચરિતાર્થ કરવામાં સફળ રહ્યા છે.

તાલુકામાં કસ્ટોડિયલ ડેથ, પાર-તાપી રિવર લિંક પ્રોજેક્ટ, વાવાઝોડામાં સહાય અપાવવા સહિતનાં પ્રદર્શનોમાં ધારાસભ્ય અનંતભાઈ પટેલ સાથે ખભેખભાવી મિલાવી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આ ઉપરાંત શૈલેષભાઈ પક્ષ સાથે સમાજમાં સક્રિય રહેતા તેમને જૂન-2022માં નવસારી જિલ્લા અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ પદે વરણી કરાઈ હતી અને હાલ તેઓ સમાજને વધુ સંગઠિત કરવામાં સક્રિય ભૂમિકા ઉજવી રહ્યા છે.

## એનઆરઆઈ સુમનભાઈ રાઠોડનું ગામની સુવિધા માટે વિશેષ યોગદાન

ચીખલી તાલુકાના સાદકપોર ગામના સ્વીટઝરલેન્ડ દેશમાં સ્થાયી થયેલા એનઆરઆઈ સુમનભાઈ રાઠોડ, રેણુકાબેન રાઠોડ દંપતી દ્વારા સમાજ સેવાને જ ધર્મ માની વિદેશમાં રહી વતનનું ઋણ અદા કરવાના ભાગરૂપે તેમના પરિવારના સ્વ.સુખીબેન રાઠોડ તથા સ્વ.મંછાબેન રાઠોડના સ્મરણાર્થે ફળિયામાં આકર્ષક પ્રવેશદ્વારનું નિર્માણ કરાવી જય ભાણીભીખી માતાજી મહોલ્લાનું નામકરણ વાજતેગાજતે કરી પ્રવેશદ્વારનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આકર્ષક પ્રવેશદ્વારથી ગામની શોભામાં અભિવૃદ્ધિ થતાં સ્થાનિકોના આનંદની લાગણી સાથે સુમનભાઈ રાઠોડના સમાજ સેવાનાં ઉમદાં કાર્યોને બિરદાવી આભારની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.




## સામાજિક વનીકરણ વિભાગની હાઈટેક નર્સરી આપે છે રોજગારી

સાદકપોર ગામમાં સામાજિક વનીકરણ વિભાગની હાઈટેક નર્સરીમાં વર્ષ દહાડે ચાર લાખ જેટલા વિવિધ પ્રકારના રોપાઓનો ઉછેર થાય છે. આ નર્સરીથી ખેડૂતોને આર્થિક ઉપાર્જનનો લાભ મળવા સાથે સ્થાનિકોને રોજગારી પણ ઉપલબ્ધ થઇ રહી છે.

સાદકપોરમાં ચારેક હેક્ટરમાં ફેલાયેલા રોપ ઉછેર કેન્દ્રમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી રોપાઓનો ઉછેર કરવામાં આવી રહ્યો છે. માતૃવૃક્ષ પરથી બીજ લેવામાં આવે છે અને ખેડૂતોએ રોપાનું વાવેતર કર્યા બાદ ટૂંકા ગાળામાં ઝડપથી ઉછેર થઇ શકે એ માટે નર્સરીમાં બનાવવામાં આવેલા વર્ગીકમોષ્ટ અને જીવામૃત એટલે કે ઓર્ગેનિક ખાતરમાં ઉછેર કરવામાં આવે છે. ખાસ કરીને સરુ અને નીલગીરીના હાઈબ્રીડ રોપાઓનો ઉછેર ગ્રીન હાઉસમાં કરાય છે.



આ નર્સરીમાં ખેડૂતોની માંગ પ્રમાણે રોપાઓનો ઉછેર કરી આપવામાં આવે છે. ખેડૂતો દ્વારા લેખિત માંગ કર્યા બાદ તે મુજબ રોપાઓનો ઉછેર કરાય છે. સાદકપોરની નર્સરીમાં સામાજિક વનીકરણ દ્વારા આમળા, લીંબી, સીતાફળ, જાંબુડા, ગુલમહોર, બોટલબ્રશ, સેવન, મહાગુણી, લીમડા, વાંઝ, અશોકા, સીસમ સહિતના પચાસથી વધુ ફળાઉ અને જંગલી વૃક્ષોનાં ચાર લાખ જેટલા રોપાઓનો ઉછેર કરવામાં આવે છે. આ ઉપરાંત ખેડૂતોને સરકારની વિવિધ યોજનાના માધ્યમથી રોપાઓ આપી ત્રણ વર્ષ સુધી તેના ઉછેર અને માવજત માટે સહાય પણ આપવામાં આવે છે, જેમાં ખેડૂતો નીલગીરી, સરુ જેવાં ઝાડોમાં ટૂંકા ગાળામાં સારું આર્થિક ઉપાર્જન પણ મેળવી શકે છે. આમ, આ હાઈટેક રોપ ઉછેર કેન્દ્ર ખેડૂતલક્ષી હોવા સાથે સ્થાનિકોને ઘરઆંગણે રોજગારી પણ મળી રહી છે.



સહકારી મંડળી



પ્રાથમિક શાળા




## શ્રી સત્યસાંઇ સીતારમણ સેવા કેન્દ્ર

સાદકપોરના ગોલવાડ સ્થિત શ્રી સત્યસાંઇ સીતારમણ સેવા કેન્દ્ર દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. જેમાં અત્યાર સુધીમાં 2100 જેટલા દર્દીઓને ચશ્માનું વિતરણ, 4,000 જેટલાંનાં આંખનાં ઓપરેશન કરવામાં આવ્યાં છે. ઉપરાંત હરસ મસાના 930થી જેટલાં વિનામૂલ્યે ઓપરેશન કરાયાં છે. મહિલાઓને આર્થિક રીતે પગભર કરવાના હેતુથી સિવણના વર્ગ ચલાવી 2500 જેટલા લાભાર્થીઓને સિવવાના સંચાનું વિતરણ સાથે બ્યુટીપાર્લર અને કોમ્પ્યુટરની પણ 900-900 વિદ્યાર્થીને શિક્ષણ તાલીમ પૂરી પાડવામાં આવી છે. ઉપરાંત શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને યુનિફોર્મ, સ્કૂલબેગ અને નોટબુકોનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે. શ્રી સત્યસાંઇ સીતારમણ સેવા કેન્દ્ર દ્વારા સામાજિક ક્ષેત્રે પણ વિશેષ યોગદાન આપી હમણાં સુધીમાં 25 જેટલાં સમૂહલગ્નોનું આયોજન કરી 1100 જેટલાનાં લગ્ન કરાવાયાં છે. વધુમાં અત્યાર સુધીમાં જરૂરિયાતમંદોને આજીવિકા રોજગારીના હેતુથી 44 જેટલી ગાયોનું પણ દાન કરવામાં આવ્યું છે.

## મીરા ફાર્મ એન્ડ નર્સરી





સાદકપોર ગામના મુકેશભાઈ પટેલ ગામમાં મીરા ફાર્મ એન્ડ નર્સરી ધરાવે છે. સાથે મુકેશભાઈ દ્વારા આત્મનિર્ભરના સંકલ્પ સાથે ગામમાં જ ગૃહઉદ્યોગ શરૂ કરી સ્થાનિકોને રોજગારી પણ આપવાનું કામ પણ કરી રહ્યા છે. મુકેશભાઈ દ્વારા તેમના ખેતરમાં વેસ્ટમાંથી બેસ્ટના હેતુ સાથે તરોપા (નાળિયેર)ના સુકાયેલ પડની મશીનમાં પ્રક્રિયા કરી તેમાંથી રેસા અને બાકીનું છૂટું પાડી રેસામાંથી કાથાની દોરી અને કુંડાં બનાવી રહ્યા છે. નોંધનીય છે કે આ રેસો મૂર્તિઓની બનાવટમાં પીઓપીમાં મિક્સ કરવા ઉપરાંત પગ લૂછણિયા, પાથરણાં બનાવવા પણ ઉપયોગી થતો હોય છે. રેસા સિવાયના વેરમાંથી તેઓ કોકોપીટ ખાતર બનાવે છે. આ સિવાય ખેતરમાં વિવિધ વૃક્ષોનાં સૂકા પડવા અને મશીનમાં ગ્રાઈન્ડિંગ કરી છાશ, ગાયનું મૂત્ર, ગોળ, બેસન વગેરે મિક્સ કરી રાખ્યા બાદ જરૂરી આથો પકડ્યા બાદ માટી સાથે ભેળવી ઓર્ગેનિક ખાતરનું પણ ઉત્પાદન કરી આવક મેળવી રહ્યા છે. તેમની મુખ્ય માર્ગ ઉપર ગોલવાડમાં આવેલી મીરા ફાર્મ એન્ડ નર્સરીમાં તમામ પ્રકારનાં ફૂલ છોડો, વિવિધ પ્રકારનાં ફળો અને બારેમાસ લીલાંછમ રહેતાં વૃક્ષોના રોપા ઉપલબ્ધ હોય છે. નર્સરીના ક્ષેત્રમાં પણ મુકેશભાઈ બહોળો અનુભવ ધરાવવા સાથે વિવિધ સંશોધનો કરતા હોય છે અને તેમના ઘરઆંગણે આ ધંધા રોજગારમાં તેમની પત્ની અને એન્જિનિયર પુત્ર ખભેખભા મિલાવી મદદરૂપ થઇ રહ્યાં છે.

## કોળી પટેલ સમાજનું ગૌરવ કિશોરભાઈ, ખેડૂતોના આધારસ્તંભ



જિલ્લાના સહકારી આગેવાન એવા સાદકપોરના કિશોરભાઈ હરિભાઈ પટેલ ખેડૂતોના વિશ્વાસનો મજબૂત સ્તંભ બનવા સાથે ગામ અને તાલુકામાં ગૌરવશાળી આગેવાન તરીકે ઊભરી આવ્યા છે. બીએસસી સ્નાતકનો અભ્યાસ ધરાવતા કિશોરભાઈ હરિભાઈ પટેલ ગામની ખેડૂતોની સહકારી મંડળીમાં ઘણાં વર્ષોથી ચેરમેન પદે સફળ નેતૃત્વ સાથે છેલ્લાં વીસેક વર્ષથી તાલુકાની સૌથી મોટી એવી ખેડૂતોની સહકારી સંસ્થા એપીએમસીના ડિરેક્ટર પદે કાર્યરત છે. આ દરમિયાન 16 વર્ષ સુધી એપીએમસીમાં ચેરમેન પદે રહી ચીખલી એપીએમસી અને ખેરગામ સબયાર્ડના આધુનિકીકરણ સાથે ખેડૂતોને પૂરતી સવલત ઊભી કરવામાં સફળ રહ્યા છે. જેના પગલે ચીકુ, કેરી અને શાકભાજીનો વર્ષ દહાડે કરોડો રૂપિયાનો વેપાર થઇ રહ્યો છે. ચીખલી એપીએમસીમાં ચીખલી ઉપરાંત ગણદેવી, વાંસદા તાલુકાના અને પાડોશી વલસાડ જિલ્લાના ખેડૂતો પણ ચીકુ અને કેરીના વેચાણ માટે આવી રહ્યા છે. કિશોરભાઈના દીર્ઘ અને નિષ્ઠાપૂર્ણ સેવાને પગલે તેઓ વર્ષોથી ખેડૂતોનો અખૂટ વિશ્વાસ સંપાદન કરવામાં સફળ રહ્યા છે. આજ એપીએમસીમાં ધમધમતો વેપાર કિશોરભાઈના દૂરંદેશી વિચારધારાવાળા નેતૃત્વને આભારી છે. એપીએમસીના મુખ્ય યાર્ડ ચીખલી અને ખેરગામ સબયાર્ડમાં ખેડૂતો-વેપારીઓની જરૂરિયાત મુજબ સરકારની વિવિધ યોજનાઓના માધ્યમથી સવલતોમાં વધારો કર્યો છે. ચીખલી તાલુકામાં સરકારી ક્ષેત્રમાં કિશોરભાઈ પટેલના સફળ નેતૃત્વ સાથે નવસારી અને વલસાડ જિલ્લાની મોટી સરકારી સંસ્થા એવી વલસાડ જિલ્લા સહકારી બેંકમાં છેલ્લી ત્રણ ટર્મથી ડિરેક્ટર પદે કાર્યરત છે. આ ઉપરાંત તેઓ તાલુકાની રૂપાંતર મંડળીમાં પણ ડિરેક્ટર પદે છે. સાથે હાલ થોડા માસ પૂર્વે નવસારી, વલસાડ અને ડાંગ એમ ત્રણ જિલ્લાનું કાર્યક્ષેત્ર ધરાવતી વિશાળ સહકારી સંસ્થા વસુધારા ડેરીમાં પણ ડિરેક્ટર પદે ચુંટાયા છે. કિશોરભાઈ એપીએમસી હોય કે કોઇપણ સહકારી સંસ્થા હોય, હંમેશાં ખેડૂતોના પડખે રહ્યા છે. વડોદરા-મુંબઇ એક્સપ્રેસ હાઈવેમાં ખેડૂતોના વળતર મામલે તેઓ વર્ષ-2010થી લડત ચલાવી રહ્યા હતા અને ધારાસભ્ય, સાંસદ સહિત અન્યો સાથે જરૂરી સંકલન સાધી ખેડૂતોને માતબર વળતર અપાવવામાં સફળ રહ્યા છે. ખેડૂતો ઉપરાંત કિશોરભાઈ પટેલે વર્ષો સુધી તાલુકાના કોળી સમાજના પ્રમુખ પદે રહી સમાજનું નેતૃત્વ કરી દાતાઓના સહયોગથી સમાજ વાડીનો વિકાસ અને સુવિધા વધારી હતી. આજે પણ તેઓ કોળી સમાજ મંડળના ટ્રસ્ટી તરીકે સમાજના ઉત્થાન અને વાડીના વિકાસ માટે સક્રિય યોગદાન આપી રહ્યા છે.

કિશોરભાઈ એપીએમસી જેવી સહકારી સંસ્થા હોય કે સમાજ હોય દરેક ક્ષેત્રે આર્થિક સાથે પોતાના વ્યવસાયના વ્યસ્ત શિડ્યુલમાંથી સમયનું પણ યોગદાન આપી રહ્યા છે. તેઓ તેમની સરળ કાર્યશૈલી, વહીવટી સૂઝબૂઝ, સાદગીભર્યું લો-પ્રોફાઈલ વ્યક્તિત્વ અને અજોડ નિર્ણયશક્તિ સાથે પ્રેરણાદાયી નેતૃત્વ પૂરું પાડી રહ્યા છે. ગામ, સમાજ અને ખેડૂતો માટે તેઓ એક અનમોલ રતન છે.

(માહિતી સંકલન અને તસવીરઃ ધર્મેશ પટેલ, ચીખલી)